મરજીવો મહાકવિ

લેખક : શ્રી મગનલાલ ડી. શાહ બાજીપુરાવાલા

ગરવી ગૂર્જરભૂમિ ત્યારે બે તેજસ્વી નક્ષત્રોથી પ્રકાશી રહી હતી : એક હતા મહાન જ્યોતિર્ધર 'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ પ્રાપ્ત કરનાર શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય; અને બીજા હતા એમના અનુરાગી, 'પરમાર્હત' અને 'પરમમાહેશ્વર'નાં બન્ને બિરુદોને શોભાવી જાણનાર મહારાજા કુમારપાળ. હેમાચર્યની ઉદારતા, વિદ્વત્તા અને સમતાભરી સાધુતાએ જનતાને કામણ કર્યાં હતાં. રાજર્ષિ કુમારપાળની સમદૃષ્ટિ અને ન્યાયપ્રિયતાએ એમને લોકપ્રિય રાજવી બનાવ્યા હતા. પણ એ સુવર્ણયુગનો મધ્યાહ્ન ઢળવા લાગ્યો હોય એમ સરસ્વતીના લાડકવાયા પુત્ર શ્રીમદ્ હેમચંદ્રચાર્ય હવે કેવલ અક્ષર દેહે જ વિદ્યમાન હતા; અને મહારાજા કુમારપાળનો દેહ પણ પંચભૂતમાં ભળી ગયો હતો. ગુજરાતમાં અસ્મિતાની ભાવના પ્રગટાવનાર, ગુજરાતની પુણ્યભૂમિમાં અહિંસાની ભાવનાથી પરિપૂત સંસ્કૃતિની વેલ પાંગરતી કરનાર, એનાં મૂળિયાં વધુ ઊંડાં નાંખનાર આ બન્ને મહાપુરુષોથી ગુજરાત વંચિત બની નિરાધાર જેવું બન્યું હતું !

અજયપાળ ગાદીએ આવ્યા હતા. એમના ગાદીએ આવવાની સાથે જ સુખી અને સમૃદ્ધ ગુજરાતના આકાશમાં આફતની ડમરીઓ ચઢવા માંડી. અત્યાચાર, અનાચાર અને જુલ્મનું ગોઝારું સામ્રાજ્ય સ્થપાયું. રાજા અજયપાળે દમનનો કોરડો વીંઝવામાં જરાય મણા ન રાખી—જાણે ગુજરાતને માથે રાહુ બેઠો !

ગુજરાત સંક્રાન્તિના સમયની આકરી વેદના ભોગવવા લાગ્યું. સંક્રાન્તિના સમયે સતિયાઓનું સત કસોટીએ ચઢે, ધર્મી જનો પર ધાડ પડે, સજ્જનો અત્યાચાર અને અનાચારના સીતમમાં રિબાઈ મરે ! આવો સંકટસમય એ તો સતિયાઓને, પુણ્યપુરુષોને, ધર્મપ્રિય સજ્જનોને માટે અન્યાય-અધર્મની સામે બળવો પોકારી જુલ્મની વેદી પર બલિદાન આપવાનો લાખેણો અવસર ! અને જનતાને બળિદાનની પ્રેરણાનું પાન કરાવનાર, ક્રાંતિ અને સ્વતંત્રતાનો ઉદ્ગાતા એવો સાચો કવિ પોતે પણ વખત આવ્યે બલિદાન આપવામાં પાછી પાની કરે ખરો ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કવિ એટલે મહાસંવેદનશીલ આત્મા. એ તો મડામાં પણ પ્રાણ ફૂંકીને સ્વાભિમાનની ભાવનાને સજીવન કરે. કવિનો અંતસ્તાપ અને પુણ્યપ્રકોપ એના પ્રત્યેક શબ્દમાં રણકવા લાગે. અને એવો એક એક શબ્દ જનતામાં ચેતનાની જ્યોતને જલતી રાખવા માટે તેલનું કામ કરે! એવા જ એક સ્વમાની મસ્ત કવિની આ ગૌરવંતી કહાણી છે.

બ્રાહ્મણ તો પ્રભુનું પ્રથમ સર્જન; બ્રાહ્મણ જૈન ન બની શકે; બ્રાહ્મણ અને જૈન વચ્ચે અભેદ ન સંભવે—એવી એવી ક્લેશ–દ્વેષ ભરી માન્યતા લઈને અજયપાળ ગાદીએ આવ્યા હતા. એમની આ ગેરસમજણમાંથી જ ગૂર્જરભૂમિની સુખશાંતિ, સમૃદ્ધિ અને સંસ્કૃતિનો વિનાશ કરનારું તાંડવનૃત્ય આરંભાયું હતું.

હેમાચાર્ય અને કુમારપાળદેવે અંતરનાં અમી સીંચી સીંચીને ગુર્જરપ્રજામાં ભ્રાતૃભાવ અને મૈત્રીની જે ભાવના રેલાવી હતી એને સમજવાનું કે સાચવવાનું અજયપાલનું કોઈ ગજુ ન હતું. ઉદારચરિત આત્માઓની ઉદારતાને બાપડું સંકુચિત માનસ કેવી રીતે સમજી શકે? એટલે જ અજયપાળ મહારાજા કુમારપાળ અને હેમચંદ્રાચાર્યનું કર્યું–કારવ્યું ધૂળમાં મેળવવા તૈયાર થયો હતો.

રજનીદેવી રૂપેરી આભલાના ભરતકામથી શોભતી સાડી પહેરી આભની અટારીએ ડોકિયું કરી રહી હતી. કાળાં કામના કરનારા માનવીઓ પોતાનાં કુકૃત્યોને કાજળકાળી રાત્રિના અંધકારમાં છુપાવવા મથતા હતા. ત્યારે જાણે રૂપેરી આભલા સમા ટમટમતા તારલિયાઓ માનવીની મૂર્ખાઈ પર હસી રહ્યા હતા!

પાટણ નિદ્રાદેવીને ખોળે પોઢી ગયું હતું, નગરની શેરીઓ સૂમસામ બની હતી, ત્યારે ઉપાશ્રયમાં એક સાધુરાજ ધ્યાનસ્થ દશામાં બેસી ધર્મચિંતન કરી રહ્યા હતા. આખું નગર ઊંઘતું હતું ત્યારે આ અપ્રમત્ત સાધુરાજ જાગતા રહીને આત્મભાવની ખોજ કરી અંતરને અજવાળી રહ્યા હતા.

એવામાં એક ગુપ્તચરે દબાતે પગલે ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો અને સાધુરાજની પાસે જઈને તુમાખી ભર્યા સ્વરે જાણે પડકાર કર્યો : "કવિરાજ! પાટણમાં થતી ઉથલ-પાથલની આપને ખબર તો છે ને? સાધુરાજ! અત્યારે પાટણમાં કોનું શાસન ચાલે છે તેની આપને જાણ તો છે ને?"

"પાટણમાં જેનું શાસન ચાલતું હોય તેનું ભલે ચાલે, મારે એનું શું પ્રયોજન? મહાનુભવ, મારે તો મારા હૃદયસામ્રાજ્યમાં કોનું શાસન પ્રવર્તે છે, એની સાથે જ નિસ્બત છે. અને ત્યાં આત્માનું શાસન ચાલતું હોય એટલે બસ! વળી આવતી કાલે હું સો(૧૦૦)મું કાવ્ય રચીશ, અને 'પ્રબંધશતકર્તા'ની ઉપાધિ મેળવવા ભાગ્યશાળી બનીશ. પણ મારા અધ્યયનમાં આવી મધ્યરાત્રિએ ખલેલ પાડનાર તમે કોણ છો, અને અત્યારે અહીં આવવાનું પ્રયોજન શું છે?"

ગુપ્તચરનો મનોભાવ જાણે બદલાઈ ગયો. એણે અજંપાભર્યો દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો. સાધુરાજની વધુ નજદીક જઈ એ ધીમે સાદે કહેવા લાગ્યો : "કવિરાજ, કવિતા અને કલા, શબ્દ અને ધ્વનિ, અલંકાર અને રસ એ બધાંને, ભેંસ ઘાસનો પૂળો વાગોળે એમ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાગોળવાનું છોડી દો. હવે તો તમારી કવિતા રાજદરબારની બાંદી બનશે. તમારી સરસ્વતી અજયપાળનાં યશોગાન ગાવામાં કૃતાર્થ થશે! મહારાજ, પહેલાંનો વખત હવે વીતી ગયો!"

"તમે શું મને ભાડૂતી કવિ બનાવવા માગો છો? હું ખુમારીદાર કવિ મટીને ખુશામતિયો ભાટ બનું એવી સલાહ આપો છો?" કવિરાજે સાવધ થઈ કહ્યું.

"હજુ પણ તમારે તમારી ખુમારી ભૂલવી નથી?"

"કવિ જો આત્માની ખુમારી નહીં અનુભવે તો બીજું કોણ અનુભવશે? શું હું કુદરતની કવિતા છોડીને અજયપાળ જેવા અધર્મી રાજવીની પ્રશસ્તિ રચવા લાગું? મહાનુભાવ! ન ભૂતો ન ભવિષ્યતિ!"

"અરે ઓ ભદ્ર પુરુષ! એટલું પણ કાં ન સમજો કે પવન જોઈને સૂપડું ધરવું જોઈએ! વણિક સમાજના ગુરુ થઈને એટલું પણ નથી જાણતા કે સમય પ્રમાણે સૂર બદલવો ઘટે!" વાણીશૂરો ગુપ્તચર વાતમાં મોણ નાખવાનું ન ભૂલ્યો.

"તમે મને વ્યવહારકુશળતાના પાઠ શીખવવા આવ્યા છો? કવિને–મસ્ત કવિને–આત્માને ગળે ચીપ દેનારાં વ્યવહારકુશળતાનાં બંધન ક્યારેય નડતાં નથી. ખુદ કવિ પણ તેના હૃદયને પરવશ હોય છે; હૃદયની આજ્ઞાને એ ઉથાપી શકતો નથી. અને સાચી કવિતાને સમયનાં બંધન કદી ખપ્યાં નથી અને ખપવાનાં પણ નથી! કવિની કવિતા તો સનાતન સત્યોને જ ઉચ્ચારે છે, અને એવા પરમ સત્યને જ આરાધે છે." સાધુરાજ જાણે ફિરસ્તાની વાણી ઉચ્ચારી રહ્યા.

"કવિરાજ! ભીંત ભૂલો છો! રાજા રૂઠે તો કાસળ કાઢે અને રીઝે તો નિહાલ કરે. સત્તા આગળ શાણપણ નકામું છે. ખુમારીની વાતો નર્યું ગાંડપણ છે. શું તમે નથી જાણતા કે પ્રભુ પંચાસરા પાર્શ્વનાથના પવિત્ર દેવાલયને અજયપાળના સૈનિકોએ હથોડા મારી ખેદાનમેદાન કરી નાંખ્યું છે? શું તમે એ વાતથી અજ્ઞાત છો કે મહામૂલા જ્ઞાનભંડારોમાં આગ ચાંપી એને ભસ્મીભૂત કરવામાં આવ્યા છે? કપર્દી જેવા મંત્રીશ્વરને એક દિવસ માટે મંત્રીપદે સ્થાપી રામશરણ કરવામાં આવ્યો છે. આમ્રભટ જેવા વીરપુરુષને લશ્કરે ઘેરો ઘાલી હણી નાખ્યો છે! તો પછી તમારા જેવાની શી વિસાત? રાજઆજ્ઞા સ્પષ્ટ ફરમાવે છે કે અત્યાર સુધી જૈનો ખૂબ મહાલ્યા, ફાલ્યા–ફૂલ્યા; પણ હવે એમના સોનેરી દિવસો પૂરા થયા. હવે તો જૈન તે જૈન અને બ્રાહ્મણ તે બ્રાહ્મણનો યુગ ફરી શરૂ થયો છે. હવે જૈન બ્રાહ્મણ નહીં બની શકે, જૈનોના દેવ બ્રાહ્મણના દેવ નહીં થઈ શકે! બ્રાહ્મણ તો પ્રભુનું પ્રથમ સંતાન અને જૈન કરતાં ઉચ્ચ. બ્રાહ્મણ અને જૈન વચ્ચે અભેદ હોઈ શકે જ નહીં! બ્રાહ્મણનો ધર્મ એ જ રાજધર્મ: આવું રાજફરમાન તમે નથી સાંભળ્યું?" ગુપ્તચરે કવિરાજની આંખ ઉઘાડવા પ્રયત્ન કર્યો.

"આપ સ્વભાવમાં મગ્ન રહેનારો, આત્માના ધર્મને પિછાણનારો સાધક કોઈ પણ ધર્મ પ્રત્યે પક્ષપાત કે દ્વેષ ન રાખે. કવિ એટલે સાચો અવધૂત. અવધૂત એટલે રાગદ્વેષના વિજેતાનો પૂજારી. સોમનાથ મહાદેવ સમક્ષ પૂજ્ય ગુરુદેવે ગાયેલી અમર પંક્તિઓ હજુ પણ મારા અંતરમાં ગુંજ્યા કરે છે, અને મને સતત ભાન કરાવતી રહે છે કે જેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગદ્વેષના વિજેતા છે એવા કોઈ પણ દેવને મારા નમસ્કાર હો! આત્માને તો ખરેખર, બધા ધર્મોનું મિલન-મંદિર બનાવવાનું હોય!"

"સાધુરાજ! આવી બધી અભેદની જપમાળા હવે છોડી દો! મહારાજા કુમારપાળ અને શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનું નિધન થતાં જ અભેદનું અવસાન થઈ ગયું સમજો. અજયપાળ ભેદનો પૂજારી છે. એ તો બ્રાહ્મણ અને જૈનના ભેદ વધુ સ્પષ્ટ કરવા માગે છે. તમે રાજઆજ્ઞાનો મર્મ નથી સમજતા?"

"કવિને રાજઆજ્ઞા સાથે શી લેવાદેવા? મારું પ્રસ્થાન તો ગુરુદેવે ચીંધેલા માર્ગે જ હોય; બીજા માર્ગનો વિચાર પણ મને સ્ફુરે નહિ. કોઈ પણ જાતના ભયથી, અરે, મરણના ભયથી પણ, કવિને વિચલિત થવાનું ન હોય. સાચો ધર્માત્મા પાપભીરુ હોય. અને કવિ ઉપરાંત હું તો કલિકાલસર્વજ્ઞનો શિષ્ય! પ્રાણના ભોગે પણ મારે મારી પ્રતિજ્ઞાનું જતન જ કરવાનું હોય!" જાણે કવિ રામચંદ્ર અગમવાણી ઉચ્ચારી રહ્યા.

ગુપ્તચર કવિરાજનો પરમ શુભેચ્છક હતો; એ ગમે તેમ કરીને કવિરાજનો નિર્ણય બદલાવવા માગતો હતો. એણે લાગણીભીના સ્વરે કહ્યું : "કવિવર! સાચા કે ખોટાનો નિર્ણય કરવાનો આ સમય નથી. ઊગતા રવિને સાકોઈ પૂજે છે; આથમતા સૂર્યને કોઈ પૂજતું નથી : દુનિયાનો એ રાહ છે. ગૂર્જરભૂમિનાં આબદાર (સાચાં) મોતી તો અજયપાળે પ્રગટાવેલી હુતાશનીમાં ક્યારનાં હોમાઈ ગયાં; જે કાંઈ થોડાં બાકી રહ્યાં છે તેમની પણ ઘડી–પળ ગણાઈ રહી છે. અજયપાળ પોતાનો માર્ગ નિષ્કંટક કરવા માગે છે. અભેદમાં માનનારને તે કંટક સમજે છે; એવા કંટકોને દૂર કરવા તે એની રાજનીતિ છે."

"રાજાની રાજનીતિ ગમે તે હોય, સાધુ ધર્મવિમુખ ન બની શકે. કવિ એ પણ સાધુ-આત્મા છે, જનતાની ભાવનાની દીવાદાંડી છે. એ સનાતન સત્ય ઉચ્ચારે છે. સમય કે રાજનીતિનાં બંધન એને નડતાં નથી. એની કવિતા સંસારના વૈભવ-વિલાસની દાસી ન બની શકે! કવિ તો મુક્ત આત્મા હોય."

"કવિરાજ! કવિ ઉપર કાવ્ય રચવાનું બંધ કરો! સાચા કવિનો આ જમાનો નથી. ખુશામતિયા કવિની જ આજે બોલબાલા છે. એક જ ગુરુના બે ચેલા : એક રાજદરબારમાં શ્વાનની જેમ પૂંછડી પટપટાવતો હોય એવે વખતે બીજો મેરુની જેમ અચળ રહેવા માગે એને રાજસત્તા કેમ સાંખી શકે?"

"જેને જીવ વહાલો છે તે ભલે પૂંછડી પટપટાવે! જેને આત્મા વહાલો છે તે પોતાની વાગ્દેવીને પારકાને ઘેર પાણી ભરવા ન મોકલી શકે! જે મરજીવો છે તે જ મુક્તિના દિવ્ય સંગીતનું અણમોલ મોતી મેળવી શકે. બાલચંદ્રને ગમતું હોય તે બાલચંદ્ર ભલે કરે. રામચંદ્ર તો રામચંદ્ર જ રહેશે! એ બાલચંદ્ર કદી નહીં બને! રામચંદ્ર પોતાના આત્માને કદી નહીં રૂંધે. આત્મા અનંત શક્તિનો ધણી છે એ સૂત્ર રામચંદ્રને માટે જીવનનું ધ્રુવતારક છે. જે આત્મા પોતાની શક્તિઓને પ્રગટાવે છે તેને માટે વ્યવહાર અને રાજનીતિની દુનિયામાં જે અશક્ય લેખાતું હોય તે પણ શક્ય બને છે."

"કવિરાજ! ભાવાવેશમાંથી જન્મેલી આવી બધી મનની વાતો મનમાં જ રહી જશે, અને જિંદગી જોખમમાં મુકાઈ જશે. યતિરાજ બાલચંદ્રની કવિતાની જેમ તમારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કવિતાકલાને પણ અજયપાળના ચરણે શિર ઝુકાવતી કરવાનાં ષડયંત્રો રચાયાં છે. કવિરાજ! ઇશારામાં સમજી જાઓ, કલ્પનાની પાંખે ઊડવાનું છોડી દો અને નજર સામેના કર્તવ્યની વ્યવહારુ ભૂમિકા ઉપર વિચરો તો સારું!"

"નહિ ભાઈ, નહિ. મારાથી એ નહીં બને. પૂજ્ય ગુરુદેવે અમૃત સિંચન કરી જે અમૃતવેલ ઉછેરી તેનું હું ઉન્મૂલન કેમ કરી શકું? જગતને જાણવા દો કે આ અમૃતવેલને બે પાંદડાં ફૂટયાં: એક કડવું અને બીજું મીઠું. એમાંનું કયું કડવું અને કયું મીઠું એ જગત ભલે જગતની રીતે સમજે. એમના ગુણ-અવગુણની સાથે વેલની પ્રતિષ્ઠાને શી નિસ્બત? રામચંદ્રની કવિતા અજયપાળની આગળ ક્યારેય પોતાનું શિર નથી જ ઝુકાવવાની—પછી ભલે ને થવાનું હોય તે થાય!" રામચંદ્ર જાણે અપાર્થિવ રૂપ ધારણ કરી રહ્યા.

"કવિરાજ! આદર્શોની અટવીમાં કેમ અટવાઓ છો? ભાગ્યયોગે લાખેણી ઘડી આવી પહોંચી છે. એ ઘડીને શા માટે જવા દો છો? નદીના ધસમસતા પૂરની સામે તરવામાં તો પ્રવાહમાં ઘસડાઈ જવાનું જ ફળ મળે! ઝંઝાવાતમાં જે વૃક્ષ અણનમ રહેવા માગે તે મૂળમાંથી જ ઊખડી જઈ ધરાશાયી બને! હજાર ગાંડામાં એક ડાહ્યાની શી કિંમત? તેના ડહાપણના કેવા ભંડા હાલહવાલ થાય છે તે તમે નથી જાણતા શું?"

પણ મહાકવિ રામચંદ્ર એકના બે ન થયા. બિચારા ગુપ્તચરને થયું કે પથ્થર પર પાણી બધું એળે ગયું! એટલામાં ઉપાશ્રયનાં પગથિયાં સિપાઈઓના નાળબંધ જોડાથી ધમધમી ઊઠયાં. સૈનિકો બેરોકટોક ઉપાશ્રયમાં પ્રવેશ્યા. ગુપ્તચર સાવધ બન્યો. અંધકારનો લાભ લઈ એ સિપાઈઓમાં ભળી ગયો. ચોરદીવાના ઝાંખા પ્રકાશમાં સિપાઈઓ કવિરાજને શોધતા ગર્જી ઊઠયા: "ક્યાં છે રામચંદ્ર?" સિપાઈઓના સત્તાવાહી સૂરના ભયંકર પડઘા જાણે આગામી આંધીની આગાહી કરતા હતા.

"સિપાઈઓ! કવિ રામચંદ્ર અહીં તમારી નજીક જ છે. તમારા આગમનનું પ્રયોજન?" કવિએ મધુર ભાષામાં જવાબ આપ્યો.

"ગુર્જરેશ્વર મહારાજા અજયપાળે આપને રાજદરબારમાં આવવાનું આમંત્રણ પાઠવ્યું છે." સૈનિકોએ સભ્ય બનવાનો પ્રયાસ કર્યો.

"અત્યારે મધ્યરાત્રીના સમયે જ? કાલે સવારે આવું તો?"

"એ નહિ ચાલે. અત્યારે અને અબઘડીએ જ આપને હાજર થવું પડશે."

સિપાઈઓ રામચંદ્રના જવાબની રાહ જોવા પણ ન થોભ્યા. એમણે રામચંદ્રને ઘેરી લીધા. મ્યાનમાંથી તલવારો ખેંચાઈ ગઈ. એક સિપાઈએ ઘટસ્ફોટ કરતાં કહ્યું: "ગુર્જરેશ્વર અજયપાળની આજ્ઞા છે કે ગુનેગારને એક ક્ષણ પણ છૂટો ન મૂકવો."

"હું ગુનેગાર?" પણ કવિ રામચંદ્ર પોતાનું વક્તવ્ય આગળ વધારે તે પહેલાં જ સિપાઈઓએ તેમને ઊચકી લીધા.

પાટણની સુમસામ શેરીઓએ એ અકાર્ય ઉપર મધ્યરાત્રીનો અંધારપછેડો ઢાંકી દીધો!

*

ગુલાબી નિદ્રાનો ત્યાગ કરી શોખીન અને વિલાસી પાટણ ફરી પ્રવૃત્તિશીલ બન્યું ત્યારે પાટણની શેરીઓમાં રાજ્યના અનુચરો પડહ વગાડી રહ્યા હતા:

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"પાટણના પ્રજાજનો ! સહુ સાંભળજો ! ગુર્જરેશ્વર મહારાજા અજયપાળની રાજ-આજ્ઞા છે કે બ્રાહ્મણ અને જૈન એક ન હોઈ શકે. બ્રાહ્મણ તે બ્રાહ્મણ, **જૈન** તે **જૈન**. પરમાર્હત અને પરમમાહેશ્વર બે બિરુદ સાથે ન સંભવે ! બ્રાહ્મણધર્મ એ રાજધર્મ છે, માટે બ્રાહ્મણધર્મને સૌ પ્રજાજનોએ માન આપવું. જે કોઈ સમદૃષ્ટિને નામે, અભેદને નામે બ્રાહ્મણ અને જૈનને એકત્ર કરવા યત્ન કરશે, તેમને સખ્ત શિક્ષા કરવામાં આવશે."

પાટણનાં નર-નારીઓ ખિન્ન હૃદયે આ ઢંઢેરો સાંભળી રહ્યાં. ક્યાં પહેલાંનું પાટણ અને ક્યાં આજનું પાટણ ! જાણે આટલું ઓછું હોય એમ એ ઢંઢેરાએ વધારામાં જાહેર કર્યું કે "આજે મધ્યાહ્નને સર્વ પ્રજાજનોએ રાજસભામાં હાજર થવાનું છે. ત્યાં રાજ-આજ્ઞાની અવગણના કરવા બદલ કવિ રામચંદ્રનો ન્યાય તોળાવાનો છે."

સમય થયો અને નગરજનો રાજસભામાં કીડિયારાની જેમ ઊભરાવા લાગ્યા. ક્યાંય તલપુર જગ્યા ખાલી ન હતી. બધા મહાકવિ રામચંદ્રને કેવો ન્યાય મળે છે તે જોવા આતુર હતા.

કવિ રામચંદ્રને સભામાં હાજર કરવામાં આવ્યા, પણ એમના ચહેરા પર ગુનેગારીની કે લાચારીની એક પણ રેખા દેખાતી ન હતી. એમના પ્રશાંત ચહેરા પર દિવ્ય તેજ વિલસતું હતું.

"કવિરાજ ! તમને **જૈન** અને બ્રાહ્મણોને એક કરવાની ઘેલછા લાગી છે. એવાં અભેદનાં કાવ્યો રચવા માટે તમારે પ્રાયશ્ચિત્ત કરવું પડશે."

"અભેદ શું પાપ છે ? અભેદનાં કાવ્યો રચવાં એ શું પાપકાર્ય છે ?"

"કવિરાજ ! રાજઆજ્ઞા પ્રમાણે અભેદનો પ્રચાર કરવો એ ગુનો છે : એ તમારે જાણવું ઘટે !"

"કવિનું કાવ્ય કોઈ પ્રયત્નનું નહીં પણ અકળ પ્રેરણાનું પરિણામ છે. કાવ્યગંગાની ગંગોત્રીનું પ્રેરણાસ્થાન સાવ અકળ જ હોય છે. કવિમાં અકલ્પ્ય રીતે આવી પ્રેરણા જાગે અને કાવ્ય સ્ફુરે તેમાં પાપનો પ્રશ્ન જ ક્યાં ઊભો થાય છે ? પાપ અને પ્રાયશ્ચિત્ત કવિતા પાસે ફરકી પણ શકતાં નથી. કોઈ સત્તાના ભયથી કે સમૃદ્ધિના લોભથી કવિતા-દેવીની સાચી આરાધના ન થઈ શકે. કવિહૃદય માનવી જ કવિની કવિતાનું મૂલ્યાંકન કરી શકે કે કવિની કવિતાનો ન્યાય તોળી શકે. એ તોળવાનું તમારું ગજું નહીં ! ઝવેરી જ હીરાનું મૂલ્ય કરી શકે, ગોવાળ નહિ !" જાણે કવિની જીભ નહીં પણ એનું અંતર બોલી રહ્યું હતું.

"કવિરાજ ! રાજ્યની આજ્ઞા ઉત્થાપવાનું દુઃસાહસ ખેડવા માગો છો ? ખબર તો છે ને કે એનાં કેવાં માઠાં પરિણામ આવે છે ? એથી બચવું હશે તો તમારે રાજ્ય અને રાજાનાં પ્રશસ્તિકાવ્યો રચીને આ પાપનું પ્રાયશ્ચિત્ત કરવું પડશે. તમારા ગુરુભાઈ બાલ-ચંદ્રે એ જ રાહ ગ્રહણ કર્યો છે."

"કવિ સ્વૈરવિહારી હોય છે. સમગ્ર વિશ્વ એનું રાજ્ય છે. એનો ખજાનો પણ અખૂટ છે. દુનિયાની કોઈ સત્તા એને ડરાવી નહીં શકે; સંસારની કોઈ સંપત્તિ એને લલચાવી નહીં શકે. તમારાં શૌર્ય કે સત્કાર્યોથી કવિના અંતરમાં ઊર્મિ જગાડો અને જુઓ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમાંથી કેવાં મનોહર પ્રશસ્તિકાવ્યો વહેવા લાગે છે. વસંત આવે છે ત્યારે કોકિલાને કોણ કહેવા જાય છે કે તું તારી સ્વરમાધુરીને વહેતી મૂક? એવું જ સાચી કવિતાનું સમજવું. ભય કે લાલચથી ખરીદી શકાય એ કવિતા જ નહીં."

"કવિરાજ! આવી બધી અર્થહીન વાતો છોડો, અને તમારી વાણીથી સત્તાને રીઝવો. તમારા ગુરુભાઈ બાલચંદ્રની પણ આ જ સલાહ છે."

"હંસ તો સદાય મોતીનો જ ચારો ચરવાનો! ભૂંડ ભલે અખાજ આરોગ્યા કરે! જેને પોતાનું સ્વાતંત્ર્ય નહીં પણ પોતાના પ્રાણ વધુ વહાલા છે, તે જ એક ભાન ભૂલેલા રાજાની પ્રશસ્તિઓ રચીને પોતાની કાવ્યદેવીને લજવે છે. સાચી સલાહની તો અત્યારે આવી નમાલી સલાહ આપનારને જ જરૂર છે!"

કવિનાં આકરાં વેણથી ઘવાયેલા બાલચંદ્રે બૂમ પાડી: "નૃપવર્ય, રામચંદ્ર મારું હડહડતું અપમાન કરે છે!"

"શાંત રહો! ગાંડા કવિ જો પોતાનું ગાંડપણ હજી પણ નહીં તજે તો એમને અપમાનનો યોગ્ય બદલો મળી જ રહેવાનો છે!" અજયપાળે અધીરાઈથી કહ્યું.

મહાકવિ એક પણ શબ્દ ન બોલ્યા—જાણે એમના ચિત્ત ઉપર હિમાલયની સ્વસ્થતા અને શીતળતા વ્યાપી રહી હતી. અજયપાળની વાત સાંભળીને રાજસભા હવે આગળ શું બને છે એની ઉત્સુકતા અનુભવી રહી. થોડીક પળો માટે સભામાં સ્મશાન જેવી શાન્તિ છવાઈ ગઈ.

આમ થોડીક પળો સ્તબ્ધતામાં પસાર થઈ. પછી જાણે અણનમ કવિને નમાવવાનો એક વધુ પ્રયાસ કરતો હોય એમ અજયપાળે કહ્યું: "કવિરાજ! રાજાની આજ્ઞાના અનાદરનું પરિણામ કેવું આવે છે તે શું તમારા જેવા વિદ્વાનને સમજાવવું પડશે? હું ઇચ્છું છું કે રાજસત્તાને તમારી સામે પોતાનો દંડ ઉગામવાનો વખત આવવા ન દ્યો તો સારું! આમાં શું કરવું એ તમારા પોતાના જ હાથની વાત છે. શું હજી પણ તમારી વાણી રાજસત્તાના ચરણ પખાળવા તૈયાર નહીં થાય?"

કવિએ વાણીનો વ્યય કરવાને બદલે માત્ર માથું હલાવીને એ વાતનો ઇનકાર કર્યો.

અજયપાળને મહારાજા કુમારપાળ કરતાં સવાઈ કીર્તિ વરવાનાં અરમાન હતાં. કવિ રામચંદ્ર જેવા વિદ્વાનોથી એ પોતાની રાજસભાને વિભૂષિત કરવા માગતો હતો. તેથી તેણે ધમકીથી વશ ન થનારા કવિને સમજાવવા પોતાની વાતની રીત બદલી: "કવિરાજ! હવે તો કલ્પનાવિહારમાંથી પાછા ફરો. પ્રત્યક્ષ દેખાતો લાભ જતો ન કરો. મારી રાજસભામાં તમારા ગુરુનું સ્થાન તમારે માટે ખાલી છે, તેને શોભાવો—મારી રાજસભાના રાજકવિ બનીને!"

"રાજન્! પૂજ્ય ગુરુદેવનું નામ લઈને તમે મને ચલાયમાન નહીં કરી શકો. એ નામ તો મને મારા સંકલ્પમાં વધુ દૃઢ બનવાનું બળ આપે છે. મારો નિર્ણય અફર છે: મારી વાણી આજની રાજસત્તાનાં કીર્તિગાન નહીં જ ગાય!"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"કવિ, તારી જીભ બંધ કર. તારો સર્વનાશ નોતરતી મારી કઠોર આજ્ઞા છૂટે તે પહેલાં સમજી જા. તને આ આખરી તક આપું છું." રાજાએ ઉશ્કેરાઈને ચેતવણીનો સૂર ઉચ્ચાર્યો.

પણ કવિએ? કવિએ પ્રત્યુત્તર વાળવાને બદલે સ્વતંત્રતાનું ગીત લલકાર્યું: "હે પરમાત્મા, મારી સ્વતંત્રતા ખાતર ગલીઓમાં ફરતો કૂતરો બનવાનું મને મંજૂર છે; પણ પરાધીન બનીને હું ત્રણ જગતનો સ્વામી પણ બનવા તૈયાર નથી!"*

કવિએ–સ્વતંત્રતાના કવિએ–સ્વાતંત્ર્યનું ગીત લલકાર્યું. પરંતુ કવિનો એક એક શબ્દ અજયપાળના અંતરમાં રોષનો આતશ પ્રગટાવી રહ્યો. એ ક્રોધથી ધમધમી ઊઠયો. એણે આજ્ઞા કરી: "મંત્રી! આ રાજદ્રોહીને એવું મોત આપો કે જે સાંભળીને ભયંકર ખૂની પણ કંપી ઊઠે. જલ્લાદોને હુકમ કરો કે ધગધગતા તવા પર આ કવિરાજનો અભિષેક કરી ફળફળતા તેલથી સ્નાન કરાવે: મારી આ આજ્ઞાનો સત્વર અમલ કરો!"

રાજાની આજ્ઞા સાંભળી સભામાં સનસનાટી ફેલાઈ ગઈ. જે રાજસભામાં કલિકાલ-સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો પડતો બોલ ઝીલી લેવામાં રાજા અને પ્રજાજનો પોતાનું અહોભાગ્ય માનતા, તે જ રાજસભામાં એમના પરમ શિષ્યનું આવું કમકમાટીભર્યું મૃત્યુ!

મહાકવિ તો મરજીવા બનીને જીવન અને મૃત્યુને તરી ગયા હતા. જલ્લાદોએ એમનું કામ પૂરું કર્યું; મહાકવિ અમર બની ગયા! કોઈ સભાજન એ દૃશ્ય ન નીરખી શકયો. કોઈ વાણી એ વેદનાભર્યા દૃશ્યને ન વર્ણવી શકી. સૌનાં અંતર કકળીને એક જ નાદ ગુંજી રહ્યાં: नमः शान्ताय तेजसे–એ તેજસ્વી મહાકવિને નમન હો!

સૌ કારમી વેદનાની મૂર્ચ્છામાંથી જાગ્યા ત્યારે જાણે મહાકવિનો સ્વસ્થ આત્મા પોકાર કરી જગતને પૂછતો હતો: પરાકાષ્ઠાએ કોણ પહોંચ્યું? પાપીનું પાપ કે સતિયાનું સત?



---

* स्वतन्त्रो देव! भूयासं सारमेयोऽपि वर्त्मनि।
मा स्म भूयं परायत्तस्त्रिलोकस्यापि नायकः॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org